**વધારાની માહિતી:**

(૧) કંપનીની પાઘડીની કિંમત રૂા. ૪૦૦૦૦૦ આંકવામાં આવી.
(૨) જમીન મકાનની ચોપડા કિંમત તેની બજાર કિંમત કરતાં ૨૦% ઓછી છે.
(૩) મશીનરીની બજાર કિંમત તેની ચોપડા કિંમત કરતાં ૨૦% વધુ છે.
(૪) એચ.આર. લી.ના ઈક્વિટી શેરની બજાર કિંમત શેર દીઠ રૂા. ૬૦૦ છે.
(૫) ૫૦% લેખે કરવેરા બાદ કર્યા પછીનો છેલ્લા ત્રણ વર્ષનો નફો અગાઉના વર્ષ કરતા રૂા. ૮૦૦૦૦ વધુ છે.
(૬) આજ પ્રકારનો ધંધો કરતી અને ૩૦% ડિવિડન્ડ આપતી કંપનીના ઈક્વિટી શેરનો બજાર ભાવ તેની ભરપાઈ રકમ કરતાં બમણો છે.

ઈક્વિટી શેરની વ્યાજબી કિંમતની ગણતરી કરો.

**અથવા**

પ્ર.૨

(અ) શેર મૂલ્યાંકન એટલે શું ? તેની ક્યારે જરૂરીયાત છે ? (૦૭)
(ઇ) શેર મૂલ્યાંકનને અસર કરતા પરીબળો જણાવો. (૦૮)

પ્ર.૩ કલ્પના ટ્રેડર્સના સ્થળે ૨૦-૫-૧૬ના રોજ આગ લાગી મોટા ભાગનો માલ નાશ પામ્યો. આગમાંથી માત્ર રૂા. ૨૦૦૦૦નો માલ અને હિસાબી ચોપડા બચાવી લેવાયા. હિસાબી ચોપડામાંથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે. (૧૫)

| | રૂા. |
|---|---|
| ૧-૧-૧૫નો સ્ટોક | ૨૪૨૦૦૦ |
| ૧-૧-૧૬નો સ્ટોક | ૩૯૬૦૦૦ |
| વર્ષ ૨૦૧૫ દરમ્યાન ખરીદી | ૨૦૦૦૦૦૦ |
| વર્ષ ૨૦૧૫ દરમ્યાન વેચાણ | ૨૮૦૦૦૦૦ |
| ૧-૧-૧૬ થી ૨૦-૫-૧૬ સુધીની ખરીદી | ૮૦૦૦૦૦ |
| ૧-૧-૧૬થી ૨૦-૫-૧૬ સુધીનું વેચાણ | ૧૦૦૦૦૦૦ |

**અન્ય માહિતી:**

(૧) ધંધાની પ્રણાલી અનુસાર સ્ટોકનું મૂલ્યાંકન ચોપડા કિંમત કરતાં ૧૦% વધુ કરવામાં આવે છે.
(૨) ૧૮-૫-૧૬ના રોજ રૂા. ૮૦૦૦૦નો માલ ખરીદ્યો હતો જેની ખરીદ નોંધમાં નોંધ કરેલ છે પરંતુ આગ લાગ્યા તારીખ સુધી માલ મળ્યો નથી.
(૩) ૧૯-૫-૧૬ના રોજ રૂા. ૧૨૦૦૦૦નો માલ વેચ્યો હતો જે મોકલી દીધો હતો પરંતુ તેની વેચાણ નોંધમાં આગ લાગ્યા તારીખ સુધી નોંધ કરેલ નથી.

સ્ટોકના નુકસાનના દાવાની રકમ શોધો.

**અથવા**

પ્ર.૩ નિરાલી ટ્રેડર્સના સ્થળે ૧-૫-૧૬ના રોજ આગ લાગી તેણે રૂા. ૪૦૦૦૦૦ની નફાના નુકસાનની પોલીસી લીધી હતી. પોલીસી મુજબ વીમા કંપનીએ બાંહેધરી સમય ૩ માસનો આપ્યો હતો પરંતુ ધંધો ૨ માસમાં વ્યવસ્થિત થયો. હિસાબી ચોપડામાંથી નીચેની માહિતી પ્રાપ્ત થાય છે. (૧૫)

(૧) વર્ષ ૨૦૧૫માં સ્થિર ખર્ચા રૂા. ૨૦૦૦૦૦ના બાદ કર્યા પછીનો ચોખ્ખો નફો રૂા. ૩૦૦૦૦૦ હતો.
(૨) વર્ષ ૨૦૧૫માં આવકવેરો રૂા. ૩૦૦૦૦ અને સામાન્ય અનામત રૂા. ૫૩૩૦૦ ન.નુ. ખાતે ઉધાર્યું હતું જ્યારે બેન્ક ડિપોઝીટનું વ્યાજ રૂા. ૨૦૦૦૦ અને મળેલ વટાવ રૂા. ૧૦૦૦૦ નફા નુકસાન ખાતે જમા કર્યો હતો.
(૩) વેચાણ વલણો નીચે મુજબ હતા.
(અ) ૧-૧-૧૫ થી ૩૦-૬-૧૫ રૂા. ૧૨૦૦૦૦૦
(બ) ૧-૭-૧૫ થી ૩૧-૧૨-૧૫ રૂા. ૧૪૨૦૦૦૦
(ક) ૧-૧-૧૫ થી ૩૦-૪-૧૫ રૂા. ૯૦૦૦૦૦
(ડ) ૧-૧-૧૬ થી ૩૦-૬-૧૬ રૂા. ૧૩૦૦૦૦૦
(ઇ) ૧-૫-૧૬ થી ૩૦-૬-૧૬ રૂા. ૧૦૦૦૦૦
(૪) વર્ષ ૨૦૧૬માં આગ લાગ્યા તારીખ સુધી વેચાણમાં ૧૦% વધારો હતો.

નફાના નુકસાન અંગે દાવાની રકમની ગણતરી કરો.